પાટનગરનું પોતાનું અખબાર

ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૫ | ૧૬ માર્ચ, ૨૦૧૮, શુક્રવાર ; ફાગણ વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

ન્યુઝ ટ્રેક

અમૃતસરમાંથી ૧૧ કિલો હેરોઈન પકડાયુ

પંજાબના રામકોટ વિસ્તારમાં ભારત-પાક બોર્ડર નજીક ૧૧ કિલો હેરોઈન બીએસએફના જવાનોએ પકડી પાડ્યું છે.

તેલંગાણામાં બ્રાહ્મણો માટે ૧૦૦ કરોડની ફાળવણી

તેલંગાણા રાજયના અંદાજપત્રમાં બ્રાહ્મિન ડેવલોપમેન્ટ કોર્પોરેશન માટે ૧૦૦ કરોડ રૂપિયા અને વકીલો-પત્રકારોના વેલ્ફેર માટે ૭૫-૭૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

પીએનબીમાં વધુ ૯.૯ કરોડનો ફ્રોડ

પંજાબ નેશનલ બેંકની મુંબઈ શાખામાં ૯.૯ કરોડનું કૌભાંડ બહાર આવ્યું છે. બેંક સત્તાવાહકો દ્વારા કરાયેલ પોલીસ ફરિયાદમાં આ વિગતો બહાર આવી છે.

કેરાલામાં મંત્રીઓ-ધારાસભ્યોના પગારો વધશે

કેરાલા મંત્રીમંડળની બેઠકમાં મંત્રીઓ અને ધારાસભ્યોના પગાર વધારાના વિધેયકને મંજૂરી આપી દેવાઈ છે. જે સોમવારે વિધાનસભામાં રજૂ થશે.

કોંગ્રેસ-સપાના સંબંધો અકબંધ રહેશે

યુપીની પેટા ચૂંટણીના પરિણામો બાદ સમાજવાદી પક્ષના સુપ્રિમો અખિલેશ યાદવે ભારપૂર્વક જણાવ્યુ હતુ કે કોંગ્રેસ અને સમાજવાદી પક્ષના સંબંધો યથાવત રહેશે અને લોકસભા ચૂંટણીમાં સૌ સાથે મળીને ભાજપને હરાવશે.

ભારતીય હવાઈ દળની તાકાત વધારાશે

હવાઈદળમાં ૩૨૪ તેજસ માર્ક -૨ ટુંકમાં સામેલ થશે : પોતાના કાફલામાં ૧૨૩ તેજસ જેટ્સ સામેલ કરવા માટે એરફોર્સે મંજુરી આપી

નવી દિલ્હી,તા. ૧૫

પોતાની ઝડપથી ઘટી રહેલી લડાયક સ્કવોડ્રનની સ્થિતીને ધ્યાનમાં લઈને ભારતીય હવાઈ દળે હવે પોતાના કાફલામાં ૩૨૪ તેજસ વિમાનોને સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. આના કારણે ભારતીય હવાઈ દળની આકાશી લડવા માટેની તાકાતમાં અનેક ગણો વધારો થઈ જશે. હવાઈ દળે હજુ સુધી ૧૨૩ તેજસ જેટ્સ વિમાન પોતાના કાફલામાં સામેલ કરવાનો નિર્ણય કર્યો છે. આના માટે સહમતી પણ આપી દેવામાં આવી છે. આની કિંમત આશરે ૭૫૦૦૦ કરોડની આસપાસ રહેનાર છે. સુત્રોના કહેવા મુજબ એરફોર્સે ૨૦૧ તેજસ માર્ક-૨ વિમાનો માટે હાલમાં સહમતી આપી છે. જે બિલકુલ નવા ફાઈટર જેટ છે. તેમની રડાર, હથિયાર અને એન્જિન ક્ષમતા પહેલા કરતા ખુબ વધારે છે. વર્તમાન તેજસ માત્ર ૩૫૦-૪૦૦ કિલોમીટરના વિસ્તારમાં માત્ર એક કલાકમાં એક્શન રહી શકે છે. સાથે સાથે માત્ર ત્રણટન સુધી હથિયાર લઈને ત્રાટકવામાં સક્ષમ છે. બીજી બાજુ અન્ય સિંગલ એન્જિન યુદ્ધ વિમાન જેમ કે સિવીડનના ગ્રિપન-ઈ અને અમેરિકાના એફ-૧૬ વિમાન આની તુલનામાં બે ગણા હથિયારો લઈને અને બે ગણી સમય સુધી એક્શન લઈ શકે છે.હાલના સમયમાં ઈન્ડિયન એર ફોર્સ પોતાની લઘુતમ ૪૨ સ્કવાડ્રોનની ક્ષમતા કરતા પણ નીચે ૩૧ યુદ્ધ વિમાન સુધી પહોંચી ગઈ છે. જે ચીન અને પાકિસ્તાન તરફથી રહેલા પડકારોને ધ્યાનમાં લઈને ખુબ ઓછી ક્ષમતા છે. એર ફોર્સ માને છે કે આ પરેશાનીમાંથી બહાર આવવા માટે મોટી સંખ્યામાં મોંઘા વિદેશી યુદ્ધ વિમાનો ખરીદવાની બાબત યોગ્ય વિકલ્પ રહેશે નહી. અત્રે નોંધનીય છે કે ભારતે વર્ષ ૨૦૧૬માં ફ્રાન્સ પાસેથી ૩૬ રાફેલ યુદ્ધ વિમાનો ખરીદવાનો નિર્ણય કર્યો છે. જેની કિંમત ૫૯૦૦૦ કરોડ રૂપિયા છે. હવે તેજસ માર્ક-૨ વિમાન સામેલ કરવામાં આવનાર છે. તેજસ માર્ક-૨ વિમાન હાલમાં પોતાના વિકાસના તબક્કામાં છે.એરફોર્સને આશા છે કે વર્ષ ૨૦૧૯ સુધી તેની પાસે નવા વિમાનો રહેશે.

પેટાચૂંટણીના પરિણામના પગલે યોગીના તમામ કાર્યક્રમો રદ

નવી દિલ્હી,તા. ૧૫

ઉત્તર પ્રદેશની સંસદીય સીટ ગોરખપુર અને ફુલપુર પેટાચૂંટણીમાં હારનો સામનો કરવામાં આવ્યા બાદ ભાજપમાં ગંભીરતા વધી ગઈ છે. ઉત્તરપ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે પોતાના તમામ કાર્યક્રમોને ગુરુવારે રદ કર્યા હતા અને અધિકારીઓ સાથે તાકિદે બેઠક યોજી હતી. મુખ્યમંત્રી તરફથી અચાનક બેઠક બોલાવવામાં આવ્યા બાદ અધિકારીઓમાં પણ ખળભળાટ મચી ગયો હતો. બુધવારના દિવસે ઉત્તર પ્રદેશની બે બેઠકો ફુલપુર અને ગોરખપુરમાં પેટાચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા જેમાં સમાજવાદી પાર્ટી અને બહુજન સમાજ પાર્ટીએ સાથે મળીને ચૂંટણી લડ્યા બાદ તેમની જીત થઈ હતી. બંને બેઠક પર ભાજપના ઉમેદવાર હારી ગયા હતા. જો કે, કોંગ્રેસને ભાજપ કરતા પણ કારમી હારનો સામનો કરવો પડ્યો હતો.

એમપી-રાજસ્થાનમાં હવે ખેડૂતો માટે અચ્છેદિન

બંને રાજ્યો ખેડૂતો માટે અનેક યોજનાઓ લાવશે : મહારાષ્ટ્રમાં ખેડૂત આંદોલન બાદ બંને રાજ્ય સરકારો ખુબ સજ્જ : ખેડૂતોની તમામ તકલીફ દૂર કરવા માટે શિવરાજસિંહ ચૌહાણ અને વસુંધરાની ખેડૂત પ્રતિનિધિઓ, સંસ્થાઓ સાથે બેઠકોનો દોર

નવીદિલ્હી, તા. ૧૫

મહારાષ્ટ્રમાં હાલમાં જ ખેડૂતોએ મહાકાય દેખાવો અને ધરણા પ્રદર્શન કર્યા બાદ આ બાબતની ગંભીર નોંધ રાજસ્થાન અને મધ્યપ્રદેશ દ્વારા પણ લેવામાં આવી ચુકી છે. બંને રાજ્ય સરકારોએ પહેલાથી જ ખેડૂત સંસ્થાઓ અને ખેડૂતોના પ્રતિનિધિઓ સાથે વાતચીત શરૂ કરી દીધી છે. વાતચીતના અનેક રાઉન્ડ યોજાઈ પણ ચુકયા છે. ખેડૂતોની સમસ્યા તરફ ગંભીરતાપૂર્વક ધ્યાન આપવામાં આવી રહ્યું છે. ખેડૂત કલ્યાણલક્ષી યોજનાઓને અમલી બનાવવા માટે ભાજપ શાસિત રાજ્યોએ જોરદાર તૈયારી કરી લીધી છે. ભાજપ શાસિત આ રાજ્યોમાં વિધાનસભાની ચૂંટણીને પણ વધારે સમય રહ્યો નથી ત્યારે ખેડૂત સમુદાયને સંતુષ્ટ કરવા માટે બંને સરકારોએ કમરકસી લીધી છે. મોટી સ્કીમો ખેડૂતો માટેની ટૂંક સમયમાં જ જાહેર કરવામાં આવી શકે છે. મધ્યપ્રદેશના મુખ્યમંત્રી શિવરાજસિંહ ચૌહાણ અને રાજસ્થાનના મુખ્યમંત્રી વસુંધરા રાજેએ હાલમાં જ મહત્વપૂર્ણ બેઠકો યોજી હતી અને ખેડૂતો માટે શ્રેણીબદ્ધ નવા પગલા જાહેર કરવાની તૈયારી કરી લેવામાં આવી છે. ખેડૂતો માટે પગલાઓની જાહેરાત ટૂંક સમયમાં જ કરવામાં આવી શકે છે. એક બાજુ વસુંધરા રાજેએ કૃષિની પરિસ્થિતિને લઈને દરરોજ માહિતી આપવા માટે પોતાના અધિકારીઓને સૂચના આપી છે. તેમના વિશ્વાસપાત્ર અધિકારીઓને આગામી થોડાક મહિનામાં વધુ નક્કર જવાબદારી સોંપવામાં આવનાર છે. બીજી બાજુ શિવરાજસિંહ ચૌહાણ કપાસ માટે ભાવાંતર સ્કીમને લંબાવવા માટેની યોજના ધરાવે છે.

બમ્પર ઉત્પાદનની લીધે ખાંડ કિંમતમાં જંગી ઘટાડો નોંધાયો

ખાંડની કિંમતમાં ૨૩ ટકાથી પણ વધુનો ઘટાડો નોંધાયો

રાજ્યમાં આ વર્ષમાં ૧૦ લાખ ટન શેરડીનું ઉત્પાદન

ગાંધીનગર,તા. ૧૫

આ સિઝનમાં દેશભરમાં શેરડીના બમ્પર ઉત્પાદનના પરિણામ સ્વરુપે ખાંડની કિંમતોમાં ઉલ્લેખનીયરીતે ઘટાડો થઈ રહ્યો છે. ખાંડની કિંમતમાં ગયા વર્ષની સરખામણીમાં ગુજરાતમાં પ્રતિ ક્વિન્ટલ ૯૦૦ રૂપિયા સુધીનો ઘટાડો થઈ ચુક્યો છે અથવા તો આશરે ૨૩ ટકાનો ઘટાડો બમ્પર પાક વચ્ચે થયો છે. ખાંડની કિંમતમાં ઘટાડો થવાથી ખેડૂત સમુદાયમાં ચોક્કસપણે નિરાશા છે. સરકારના અંદાજ મુજબ ગુજરાતમાં શેરડીનું ઉત્પાદન ગયા વર્ષે ૭ લાખ ટનની સામે આ વર્ષે ૧૦ લાખ ટન સુધી રહેવાની સંભાવના છે. આ ખાંડ ગુજરાતમાં હોલસેલ માર્કેટમાં ગયા વર્ષે આ સિઝનમાં ૩૯૦૦ રૂપિયા પ્રતિ ક્વિન્ટલની સામે હાલમાં ૩૦૦૦-૩૫૦૦ના ભાવે વેચાઈ રહી છે. એટલે કે તેમાં નોંધપાત્ર ઘટાડો થયો છે. દેશભરમાં આ વખતે ૪૩ ટકા વધારે શેરડીનું ઉત્પાદન થયું છે.

કિંમતોમાં હજુ પણ ઘટાડો થઈ શકે છે. કારણ કે, આગામી દિવસોમાં માંગની સામે ખાંડની સપ્લાયમાં વધુ વધારો થઈ શકે છે. બારડોલી સુગર કો-ઓપરેટીવના ચેરમેન પંકજ પટેલે એક અગ્રણી અંગ્રેજી અખબારને કહ્યું છે કે, આ વર્ષે શેરડીનું ઉત્પાદન ગયા વર્ષની સરખામણીમાં ખુબ વધારે રહ્યું છે. આ વર્ષે અમારી એકલાની પાસે ૫૬૦૦૦ એકરમાં શેરડી પાક છે. ગયા વર્ષે ખેડૂતને પ્રતિ ૧૦૦ કિલો ૩૯૫૪ રૂપિયાના રેટ મળ્યા હતા. જો કે, આ વર્ષે બમ્પર પાકના લીધે ૭૦૦ રૂપિયા ઓછા મળી શકે છે. સુરત જિલ્લાના સ્થાનિક ખેડૂતોનું કહેવું છે કે, પડોશી મહારાષ્ટ્ર અને ઉત્તરપ્રદેશમાંથી શેરડીનો જંગી જથ્થો આવી રહ્યો છે.

જળસંકટના એંધાણ - ઉનાળાના આગમનને પગલે ખેડૂતોને નર્મદા કેનાલમાંથી સિંચાઈનું પાણી નહિ મળે એવી રાજ્ય સરકારની આજની અધિકૃત જાહેરાત બાદ પીવાના પાણીની સમસ્યા પણ ઘેરી બનશે એના એંધાણ બનાસકાંઠાના અંતરિયાળ વિસ્તારની કેમેરામાં કેદ થયેલી આ તસવીર આપે છે... એરકંડીશન ઓફીસોમાં બેસી પાણીની નિતી ઘડવી, ચર્ચવી, બુમાબુમ કરવી, ધાંધલ-ધમાલ કે મારામારી કરવી એનાથી પ્રજાને કોઈ ફરક પડતો નથી... પ્રજાને તો ફરક પડે છે કે ધોમધખતા તાપમાં ઘરઆંગણે પીવાના પાણીની સુવિધા આપી શકાય ત્યારે જે શાસક પીવાના પાણી માટે પ્રજાના પોકારને સમજી ન શકે અને સમજ્યા બાદ ઉકેલ ન લાવી શકે તે માટે પ્રજા પાસે કોઈ શબ્દો જ નથી... પ્રજા તો ઈચ્છે છે કે પીવાનું પાણી અને ખાવા માટેનું અનાજ સુગમતાથી પ્રાપ્ત થાય એ જ અચ્છે દિન છે... પાણી જેવી પાયાની જરૂરીયાત માટે ૭૦-૭૦ વર્ષથી આયોજન કરતી સરકારો કમિટી અને કોર્પોરેશન શું કરે છે એ પ્રજાને સમજાતું નથી... સરકાર આ પક્ષની હોય કે પેલા પક્ષની હોય... એની પ્રજાને પરવા નથી... પ્રજાને તો પાયાની જરૂરિયાત સુગમતાથી પહોંચાડે એ સુશાસન કહેવાય... પણ આજ સુધીની તમામ સરકારોએ આંખ આડા કાન કર્યા છે... એમ કહેવામાં કોઈ અતિશયોક્તિ નથી... ગુજરાતના અંતરિયાળ વિસ્તારમાં ગ્રામીણ મહિલાઓને એક માટલા પાણી માટે કેવા અને કેટલા વલખા મારવા પડે છે... એ દર્દ શહેરી વિસ્તારમાં રહેતા કોઈને પણ નહિ અનુભવાયું હોય પરંતુ સરકારે આ ગ્રામીણ મહિલાઓનું દર્દ અનુભવવું જોઈએ... સંવેદનશીલ બનીને યુદ્ધના ધોરણે પાણીની સમસ્યા હલ કરવા અગ્રતા આપવી જોઈએ... ઉનળો વિકરાળ બને, અબોલ પશુ-પક્ષીઓ પાણી માટે વલખા મારે અને પીવાના પાણીની સમસ્યા ઘેરી તે પહેલા આવી તસવીરો અખબારમાં ન છપાય એવા પગલા લેવા નમ્ર અપીલ છે...

દેશના મતદારો ભાજપથી નાખુશ છે : રાહુલ ગાંધી

રોજગારી અને અન્ય મુદ્દાઓને લઇ મતદારો ખફા : બિન ભાજપ ઉમેદવારોની જીતવાની તક છે : રાહુલ ગાંધી

નવીદિલ્હી, તા. ૧૫

કોંગ્રેસ અધ્યક્ષ રાહુલ ગાંધીએ આજે ટ્વિટ કરીને કેન્દ્ર સરકાર ઉપર પ્રહારો કર્યા હતા. રાહુલે શાયરીના અંદાજમાં કહ્યું હતું કે, દર વર્ષે બે કરોડ રોજગારની વાત અધુરી દેખાઈ રહી છે. રાહુલે એસએસસી કૌભાંડને લઈને પણ મોદી સરકાર ઉપર પ્રહાર કર્યા છે. આ પહેલા રાહુલ ગાંધીએ બુધવારના દિવસે ઉત્તરપ્રદેશમાં લોકસભાની પેટાચૂંટણીમાં પરિણામને લઈને પ્રતિક્રિયા આપી હતી. રાહુલે કહ્યું હતું કે, પેટાચૂંટણીમાં વિજેતા બનનારને તેઓ અભિનંદન આપે છે. પરિણામોથી સ્પષ્ટ થઈ ગયું છે કે, મતદારો ભાજપને લઈને નાખુશ છે. આ વખતે બિનભાજપ ઉમેદવારોને જ ટેકો આપનાર છે. તેમની જીતવાની તકો વધી ગઈ છે. કોંગ્રેસ પાર્ટી પોતે પણ નવ નિર્માણને લઈને ઉત્સુક છે પરંતુ આમા સમય લાગશે. ઉત્તરપ્રદેશની બંને સીટો ઉપર કોંગ્રેસના ઉમેદવારોએ તેમની ડિપોઝિટ ગુમાવી દીધી હતી. સીટોની સ્થિતિમાં કોંગ્રેસની સ્થિતિ ખુબ જ કંગાળ રહી છે. સર્વે મુજબ ૫૦થી ૬૦ સીટો પર કોંગ્રેસની હાલત ખરાબ છે. જો કે, કોંગ્રસને આશા છે કે પેટાચૂંટણી બાદ નવા સમીકરણો રચાઈ શકે છે.

દેશના આતંકવાદીઓ ભાજપની ઓફિસમાં બેઠા છે : રાબડી દેવી

નવીદિલ્હી, તા. ૧૫

બિહારની પેટાચૂંટણીમાં અરેરિયા સીટ ઉપર રાષ્ટ્રીય જનતા દળની જીત બાદ ભારતીય જનતા પાર્ટીના નેતા અને કેન્દ્રીય મંત્રી ગિરીરાજ સિંહે એક વિવાદાસ્પદ નિવેદન કરીને ખળભળાટ મચાવી દીધો છે. અરેરિયામાં ભાજપની હાર થયા બાદ પ્રતિક્રિયા આપતા ગિરીરાજસિંહે કહ્યું છે કે, આરજેડીની જીત ખુબ જ ખતરનાક છે. અરેરિયા હવે આતંકવાદીઓના ગઢમાં ફેરવાઈ જશે. ગિરીરાજ સિંહે કહ્યું છે કે, અરેરિયા માત્ર સરહદી વિસ્તાર નથી. આ માત્ર નેપાળ અને બંગાળ સાથે જોડાયેલા વિસ્તાર તરીકે નથી. એક કટ્ટરપંથી વિચારધારાને અહીં જન્મ મળી ગયો છે. બિહાર માટે જ નહીં બલ્કે દેશ માટે પણ આ બાબત ખતરનાક રહેશે. અરેરિયા આતંકવાદીઓના ગઢમાં ફેરવાઈ જશે. અરેરિયા લોકસભા સીટ પર આરજેડીના સરફરાઝ આલમે ભાજપના પ્રદિપકુમાર સિંહને કારમી હાર આપી હતી. અહીં આરજેડી વડા લાલૂ પ્રસાદ યાદવ, મુખ્યમંત્રી નિતીશકુમારની પ્રતિષ્ઠા દાંવ ઉપર હતી. અરેરિયા લોકસભા સીટ આરજેડીના સાંસદ તસ્લીમુદ્દીનના અવસાનના કારણે ખાલી થઈ હતી અને આરજેડીએ તેમના પુત્ર સરફરાઝ આલમને આ બેઠક ઉપરથી મેદાનમાં ઉતારવાનો નિર્ણય કર્યો હતો. સરફરાઝ પહેલા સત્તારુઢ જેડીયુમાં ધારાસભ્ય તરીકે પણ રહી ચુકયા છે.

તમિળનાડુમાં દિનાકરણ દ્વારા નવી પાર્ટી લોન્ચ કરાઈ

ચેન્નાઈ, તા. ૧૫

આરકે નગરના ધારાસભ્ય ટીટી દિનાકરણે આજે તેમની નવી રાજકીય પાર્ટી અમ્મા મક્કલ મુનેત્ર કઝગમ નામથી નવી પાર્ટી શરૂ કરી હતી. આ પાર્ટીનો ફ્લેગ પણ જારી કરવામાં આવ્યો હતો. તમિળનાડુના સ્વર્ગસ્થ મુખ્યમંત્રી જયલલિતાની પ્રતિમા પણ આમા દર્શાવવામાં આવી છે.

દિનાકરણે ઉપસ્થિત લોકોને સંબોધતા કહ્યું હતું કે, તેઓ પાર્ટીના નામની જાહેરાત કરી રહ્યા છે. વીકે શશીકલા તરફથી પરવાગની મેળવી ચુકયા છે. દિનાકરણે કહ્યું હતું કે, તેમની પાર્ટી ચૂંટણીમાં પ્રેશર કૂકરના પ્રતિક ઉપર ચૂંટણી લડશે. સહકારી, સ્થાનિક, વિધાનસભા અને સંસદની ચૂંટણી આ પ્રતિક ઉપર લાડવામાં આવશે.

માર્ચ થી દિવાળી સુધી By Air કપલ/ફેમિલિ/LTC પ્રવાસો.

લેહ-લદાખ-નુબ્રાવેલી-પેંગોગ | આંદામાન-હેવલોક/નીલ આઇલેન્ડ
ભુતાન-પારો-થિમ્પુ-પુનાખા | બદ્રીનાથ-કેદારનાથ-ગંગોત્રી-યમુનોત્રી
ગંગટોક-લાચુંગ-પેલીંગ-દાર્જીલીંગ | કાઠમંડુ-ચિતવન-પોખરાવેલી
કાશ્મીર-પહેલગામ-ગુલમર્ગ-સોનમર્ગ | નૈનિતાલ-કોર્બેટ/મસૂરી-હરિદ્વાર
સિમલા-મનાલી-ડેલહાઉસી-અમૃતસર | મુન્નાર-થેકડી-કોવાલમ-કન્યાકુમારી

Since 1951 નૂતન ટ્રાવેલ્સ ઓ.:૩૦૭, કરીશ્મા કોમ્પ્લેક્ષ, સ્ટેડીયમ સર્કલ, સી.જી. રોડ, અમદાવાદ - ૩૮૦૦૦૯.
Ph.: 079-26562322/24/25 M.: 9427455274,9408643756,9898023955
E-mail : info@nutantravels.com / nutantravels@gmail.com

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

On the Occasion of MARRIAGE, Hastashilpi presents
હસ્તશિલ્પી
સિલ્કઇન્ડિયા 2018
Last 3 Days Only
Exhibition cum sale of silk products across the country
Fortune Inn Haveli Imperial Hall
(Above Radhe Sweets), Sector - 11, Gandhinagar
From 9th to 18th March 2018
Time 10.30 am to 8.30 pm
પ્રદર્શિત થનારા ઉત્પાદનો : બિહાર: ઓર્ગેનિક ટેસારી સિલ્ક સાડીઓ, સૂટ અને સ્ટોલ્સ, કર્ણાટક: ક્રિપ સિલ્ક, જોર્જિયેટ સિલ્ક, એરિની સિલ્ક અને પ્રિન્ટેડ સાડીઓ, તામિલનાડુ: કાંજિવરમ્ સિલ્ક સાડીઓ અને ડિઝાઇનર કેન્સી સાડીઓ, આંધ્ર પ્રદેશ: ધર્મવરા, ઉપ્પડા, ગઢવાલ, મંગલગીરી અને પોચમપલ્લી સાડીઓ, ઉત્તર પ્રદેશ: મલબારી સિલ્ક, જામદની, જામવર સિલ્ક સાડીઓ અને શિફોન સિલ્ક, મહારાષ્ટ્ર: ડિઝાઇનર ડ્રેસ મટિરીયલ્સ, પંજાબ: પટિયાલા ડ્રેસ મટિરીયલ્સ, ઓરિસ્સા: સંબલપુરી, ઇક્કત, બોમકાઈ સાડીઓ, હેન્ડલૂમ સિલ્ક કોટન, છત્તીસગઢ: વિશિષ્ટ રાં સિલ્ક સાડીઓ, કોસા સિલ્ક, ટેસ્સાર સૂટ અને દુપટ્ટા, મધ્ય પ્રદેશ: મહેશ્વરી, ચંદેરી સિલ્ક સાડીઓ અને સૂટ, પશ્ચિમ બંગાળ: બાલુચરી, ઢાકા મસલી, ગિચા સાડીઓ, બૂટિક સાડીઓ, કન્થા સાડીઓ, ઝરદોશી, આસામ: મુગા અને એરી સિલ્ક સાડીઓ, જમ્મુ-કાશ્મીર: ચિનોન સિલ્ક, ટેબી સિલ્ક પ્રિન્ટેડ સાડીઓ, પશ્મીના શાલ અને સૂટ, રાજસ્થાન: કોટા સિલ્ક, હેન્ડ બ્લોક પ્રિન્ટ ડ્રેસ અને સાડી, ગુજરાત: બાંધણી ડ્રેસ અને કૂર્તા અને બીજું ઘણું બધું...
Entry Free | All Credit & Debit Cards Accepted | Contact : +91 - 85534 16929 / +91 - 97560 25995
(Registered with O/o D C (H), Ministry of Textiles,) Govt. of India | Organised by : hastashilpi

નોકરીની સુવર્ણ તક SWIGGY FOOD DELIVERY APP
જોઈએ છે પીકઅપ અને ડિલિવરી પાર્ટનર્સ / ડિલિવરી એક્ઝીક્યૂટીવ | ફુડ ડિલિવરી
ફુલટાઈમ / પાર્ટટાઈમ | માસિક વેતન રૂ. ૧૮,૦૦૦/- થી ૨૫,૦૦૦/- દર અઠવાડિયે અને મહિને ઈન્સેન્ટીવ
+ ₹ 1 LAC મેડિકલ ઈન્સ્યોરન્સ (ફેમીલી સાથે) ₹ 5 LAC એક્સિડેન્ટ ઈન્સ્યોરન્સ (અલગથી)
ઉંમર ૧૮ વર્ષ અને વધુ • વાહન • એન્ડ્રોઈડ મોબાઈલ (4.4.2) આધાર • પાન કાર્ડ • ડ્રાઈવીંગ લાઈસન્સ • RC બુક જરૂરી
રસ ધરાવતા ઉમેદવારો સવારે ૯ થી સાંજે ૬ સુધી રૂબરૂ મળો.
SWIGGY SNO Office to બી-૩૦૪, વોલ સ્ટ્રીટ-૨, ગુજરાત કોલેજ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ Cont. : 07933685265